सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તા. | ૨૯/૦૯/૨૦૨૫ |
| રજીસ્ટર તા. | ૨૯/૦૯/૨૦૨૫ |
| નિકાલ તા. | ૨૧/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

## પોરબંદરના નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું. પોરબંદર

રે.દિ.મુ.નં. ૧૭૬/૨૦૨૫
આંકઃ–૪૧

(૧) મંજુબેન વિરમભાઈ ખુંટી
તે ગુજ. સુરાભાઈ સાંગાભાઈ મોઢવાડીયાના પુત્રી
ઉ.વ.આ.૫૩,
ઠે. વેકરડી વિસ્તાર, આદિત્યાણા,
તા. રાણાવાવ જી.પોરબંદર,
(૨) હંસાબેન ભીખુભાઈ મોઢવાડીયા
તે ગુજ. સુરાભાઈ સાંગાભાઈ મોઢવાડીયાના પુત્રી
ઉ.વ.આ. ૫૭,
ઠે. ગૌશાળા પાસે, આદિત્યાણા,
તા. રાણાવાવ, જી. પોરબંદર .....વાદીઓ

વિરુધ્ધઃ–

(૧) પ્રતાપભાઈ સુરાભાઈ મોઢવાડીયા
ઉ.વ.આ.પુખ્ત,
(૨) રાણાભાઈ પ્રતાપભાઈ મોઢવાડીયા
ઉ.વ.આ.પુખ્ત,
ઠે.બંને દરબારગઢની બાજુમાં, નવાપરા,
છાંયા, પોરબંદર,
(૩) મેનેજરશ્રી
સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક,
વડાળા બ્રાન્ચ, વડાળા,
તા. જી. પોરબંદર, .....પ્રતિવાદીઓ

| | |
|---|---|
| બાબત | ભારતીય વારસા હકક અધિનિમય–૧૯૨૫ ની કલમ–૩૭૨ અન્વયે વારસા સર્ટીફીકેટ મળવા |

<u>વાદી તરફે વિ.વ.શ્રી પી.કે.મોઢા</u>
<u>પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી. જે.આર. ઓડેદરા</u>

<u>–:ઠરાવ:–</u>

(૧) હાલના કામે મુળ અરજદાર મંજુબેન તથા હંસાબેને ભારતીય વારસા અધિનિયમની કલમ–૩૭૨ અન્વયે ગુજરનાર સુરાભાઈ સાંગાભાઈની જંગમ મિલકત સંબંધે વારસા સર્ટીફીકેટ મેળવવા માટે અરજી કરેલ. જે અરજીના કામે સામાવાળાએ હાજર થઈ વાંધા લીધેલ હોય સદરહુ દીવાની પુરચુરણ અરજી ૪૧/૨૦૨૪ ને રેગ્યુલર દીવાની મુકદમા નં. ૧૭૬/૨૦૨૫ થી દીવાની દાવા તરીકે ટ્રીટ કરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૨) વાદીઓની અરજીની હકીકત એવી છે કે ગુજરનાર સુરાભાઈ સાંગાભાઈના સંતાનો તરીકે હાલના વાદી (મંજુબેન તથા હંસાબેન તથા પ્રતિવાદી નં. ૧ પ્રતાપભાઈ સુરાભાઈ) છે. અરજદારો તથા સામાવાળા નં. ૧ સગા ભાઈ–બહેનો છે તેમજ સામાવાળા નં. ૨ તે અરજદારના ભત્રીજા છે. ગુજરનાર સુરાભાઈ સાંગાભાઈએ તેમની હૈયાતી દરમિયાન બેંકમાં મુકેલ રકમ સંબંધે વાદીએ હાલનો દાખલ કરેલ. ગુજરનારની જંગમ મિલકત સંબંધે માત્ર વાદી (મંજુબેન તથા હંસાબેન)ને હકક અધિકાર ઠરાવવા માટે માંગણી કરેલ છે.

(૩) આ દાવાના કામે પ્રતિવાદીઓએ હાજર થઈ આંક–૧૭ થી લેખિત વાંધા જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીઓના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ વાદીઓને દાવો દાખલ કરવા લોકસ સ્ટેન્ડી ન હોય તેમજ દાવો કરવા માટે કોઈ કારણ ઉભુ થયેલ ન હોય વાદીનો દાવો રદ કરવા રજૂઆત કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં. ૨ નુ નોમીની તરીકે નામ રજીસ્ટર થયેલ છે. જેથી દાવાવાળી મિલકતમાં સામાવાળા નં. ૨ ને પણ હકક હિસ્સો હોય વાદીનો દાવો રદ કરવા, સામાવાળા નં. ૨ ની તરફેણમાં દાવાવાળી મિલકતોનો હુકમ કરવા રજૂઆત કરેલ છે.

(૪) આ કામે આંક–૨૪ થી નીચે મુજબના મુદા કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧. | શુ અરજદારો/વાદી પુરવાર કરે છે કે, તેમના પિતાના મરણ બાદ અરજદારો તથા સામાવાળા નં. ૧ એમ ત્રણ જ વારસોનો દાવાવાળી મિલકતમાં હકક રહેલ છે? |
| ૨. | શુ પ્રતિવાદીઓ જવાબ આંક–૧૭ ની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલ છે ? |
| ૩. | શુ પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે વાદીઓને દાવો દાખલ કરવા કોઈ લોકસ સ્ટેન્ડી જ નથી ? |
| ૪. | શુ પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે વાદીઓને દાવો દાખલ કરવા કોઈ કોઝ ઓફ એકશન ઉભુ થયેલ જ નથી ? |
| ૫. | શુ પ્રતિવાદીઓ જવાબ આંક–૧૭ ના પારા–૮ તથા ૧૧ ની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલ છે? |
| ૬. | શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૭. | શુ હુકમ અને હુકમનામુ ? |

(૫) ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | "હકારમાં" |
| ૨. | "નકારમાં" |
| ૩. | "નકારમાં" |
| ૪. | "નકારમાં" |
| ૫. | "નકારમાં" |
| ૬. | "હકારમાં" |
| ૭. | " આખરી હુકમ મુજબ" |

(૬) આંક–૨૬ થી વાદી મંજુબેન વિરમભાઈનુ સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે. જેમાં તેઓએ દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે. જયારે પ્રતિવાદીઓ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, હુ અભણ છુ. મને સહી કરતા પણ આવડતી નથી. મારા લગ્ન ૪૦ વર્ષ પહેલા થયેલા છે. એ વાત ખરી છે કે લગ્ન થતા સમયે મારા પિતાએ તેમની શકિત પ્રમાણે કરીયાવર તથા ચીજવસ્તુઓ આપેલ. એ વાત ખરી છે કે મારી બેનને અરજદાર નં. ૨ ને પણ મારા પિતાએ શકિત મુજબ ચીજવસ્તુઓ આપેલ. એ વાત ખરી છે કે સામાવાળા નં. ૧ થોડા સમય પહેલા ભારતમાં આવેલ છે. તે પહેલા મલેશીયા જેલમાં હતા. જે કયા ગુનામા હતા તે મને

ખબર નથી. એ વાત ખરી છે કે સામાવાળા નં. ૨ મારા સગા ભત્રીજા થાય છે. એ વાત ખરી છે કે સામાવાળા નં. ૨ ના માતા તથા સામાવાળા નં. ૧ ની પત્નિ વચ્ચે ઘણા વર્ષો પહેલા છુટાછેડા થયેલ છે. એ વાત ખરી છે કે સામાવાળા નં. ૧ તથા ૨ ભેગા રહેતા ન હતા. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૧ ની દેખરેખ તેમનો દિકરો કરતો હતો. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૨ મારા માતા પિતાની સેવાચાકરી કરતા હતા. મારા માતા ચાર વર્ષ પહેલા અવસાન પામેલ છે. એ વાત ખરી છે કે મારા પિતાએ અમારી વડીલોપાર્જીત જમીનનુ વેચાણ કરી વાદગ્રસ્ત ફીક્સ ડીપોઝીટ મુકેલ છે. એ વાત ખરી નથી કે વડીલોપાર્જીત જમીનનુ વેચાણ કરતા સમયે અમે બંને બહેનોને પાંચ પાંચ લાખ આપેલ. એ વાત ખરી છે કે ફીક્સ ડીપોઝીટના વ્યાજ ઉપરથી મારા માતાપિતાનુ ગુજરાન ચાલતુ હતુ. એ વાત ખરી નથી કે વડીલોપાર્જીત મિલકત હોઈ સામાવાળાઓનો પણ ફીક્સ ડીપોઝીટમા હિસ્સો રહેલ છે. એ વાત ખરી નથી કે સામાવાળાઓના હકક અધિકાર હોઈ તેથી મારા પિતાએ નોમીનીમા નામ લખાવેલ. સાહેદ જણાવે છે કે માત્ર નામ લખાવેલ છે. એ વાત ખરી નથી કે ભાગની રકમ મળી ગયેલ હોવા છતા ખોટી હકીકતો જણાવી ખોટી અરજી કરેલ છે.

(૭) ત્યારબાદ આંક–૩૭ થી વાદી તરફે પુરાવો પુરો થયાની જાહેરાત કરવામાં આવેલ છે.

(૮) પ્રતિવાદી નં. ૧ નાએ કોઈ પુરાવો આપેલ નથી. જયારે પ્રતિવાદી નં. ૨ તરફે આંક–૩૯ થી સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે. જયારે વાદીઓ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, બંને અરજદારો મારા ફઈબા થાય છે. સામાવાળા નં. ૧ પ્રતાપભાઈ મારા પિતા તથા સુરાભાઈ સાંગાભાઈ મારા દાદા થાય છે. જે દોઢ વર્ષ પહેલા અવસાન પામેલ છે. જેઓની સ્થાવર મિલકતો નથી. બેંકમા મિલકતો છે. જે અરજીમાં જણાવેલ છે તે મુજબ બરાબર છે. મારા દાદાએ આ મિલકતો સંબંધે કોઈ વીલ કરેલ નથી. મારા દાદી હીરીબેન ઘણા સમય પહેલા અવસાન પામેલ છે. એ વાત ખરી છે કે મારા દાદાને અરજદારો તથા મારા પિતા એમ ત્રણ સંતાનો છે. મારા દાદા અવસાન પામેલ તે સમયે એકલા વડાળા મુકામે રહેતા હતા. મારા પિતાશ્રી મારા દાદા અવસાન પોલ તે સમયે મલેશીયા રહેતા હતા. હાલ અમદાવાદ તથા વડાળા મુકામે રહે છે. મારા દાદાએ તેમની ખેતીની જમીન તેમની હૈયાતીમાં વેચાણ કરી દીધેલ. એ

<u>વાત ખરી છે કે આ અરજી મારા ફઈબા તથા પિતાના સરખા હિસ્સે મંજુર થાય તો મને વાંધો નથી.</u>

(૯) ત્યારબાદ આંક–૪૦ થી પ્રતિવાદી નં. ૨ તરફે પુરાવો પુરો થયાની જાહેરાત કરવામાં આવેલ છે.

(૧૦) બંને પક્ષોની દલીલ સાંભળી. આ દાવાના કામે બંને તકરારી હકીકત જોવામાં આવે તો વાદીઓ (મંજુબેન તથા હંસાબેન) તથા પ્રતિવાદી નં. ૧ પ્રતાપભાઈ સગા ભાઈ બહેન હોવા સંબંધે તકરાર નથી તેમજ આ ત્રણેય ઈસમો ગુજરનાર સુરાભાઈ સાંગાભાઈના સંતાનો હોવા બાબતે તકરાર નથી. જયારે પ્રતિવાદી નં. ૨ રાણાભાઈ પ્રતાપભાઈ તે પ્રતિવાદી નં. ૧ ના સંતાન હોય પ્રતિવાદી નં. ૨ નો માત્ર નોમીનીના આધારે દાવાવાળી મિલકતમાં હકક અધિકાર સમાયેલ છે કે કેમ તે જ અદાલતે જણાવવાનુ રહે છે. આ દાવાના કામે મેનેજરશ્રી સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકને પ્રતિવાદી નં. ૩ તરીકે દર્શાવેલ છે. પરંતુ તેઓ તરફે કોઈ લડત આપવામાં આવેલ નથી. તે જ રીતે પ્રતિવાદી નં. ૧ પ્રતાપભાઈ સુરાભાઈ તરફે કોઈ લડત આપવામાં આવેલ નથી. રેકર્ડ પર જોવામાં આવે તો પ્રતિવાદી નં. ૨ રાણાભાઈ પ્રતાપભાઈએ દાવામાં વાદીઓના દાવા સામે લડત આપી વાદીનો દાવો રદ કરવા રજૂઆત કરેલ છે. પરંતુ તેઓની આંક–૩૯ ની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, " એ વાત ખરી છે કે આ અરજી મારા ફઈબા તથા પિતાના સરખા હીસ્સે મંજુર થાય તો મને વાંધો નથી." આમ, પ્રતિવાદી નં. ૨ નુ એડમિશન ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદી નં. ૨ ને પણ આ દાવાના કામે વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ ના ત્રણેય હિસ્સે દાવાવાળી મિલકત સંબંધે વારસા સર્ટીફીકેટ આપવામાં આવે તો વાંધો ન હોવાનુ ખુદ પ્રતિવાદી નં. ૨ નાએ સ્વીકારેલ છે. માત્ર નોમીનીમાં તેમનુ નામ તેટલા માત્રથી તેમનો કોઈ હકક હિસ્સો કાયદા મુજબ પણ મળવાપાત્ર ન હોય વાદીઓનો દાવો મંજુર કરવામાં આવે તો ન્યાયી તથા ઉચિત જણાય છે. વધુમાં નોમીની સંબંધે કાયદાની જોગવાઈ તથા નામદાર વડી અદાલતના ચુકાદા ધ્યાને લેતા માત્ર નોમીનીમાં કોઈ ઈસમનુ નામ હોય તેટલા માત્રથી તેને હકક અધિકાર મળે નહીં. આમ, સમગ્ર હકીકતે મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપી મુદા નં. ૨ થી ૫ નો જવાબ નકારમાં આપી વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) વાદીઓનો દાવો મંજુર કરવામાં આવે છે.

(૨) દાવા અરજી સાથે રજુ કરેલ મિલકતના શિડયુલમાં જણાવ્યા મુજબની મિલકતો (અ) સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક વડાળા બ્રાંચમા અરજદારના પિતાશ્રી સુરાભાઈ સાંગાભાઈના નામની રૂા. ૯,૦૦,૦૦૦/– અંકે નવ લાખ પુરાની ફીક્સ ડીપોઝીટ રસીદ નં. ૦૦૩૫૪૪૭૪ ની તા. ૨૨/૦૫/૨૦૨૩ ની. (બ) સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક વડાળા બ્રાંચમા અરજદારના પિતાશ્રી સુરાભાઈ સાંગાભાઈના નામની રૂા. ૧,૦૦,૦૦૦/– અંકે એક લાખ પુરાની ફીક્સ ડીપોઝીટ રસીદ નં. ૦૦૩૫૩૫૨૧ ની તા. ૨૧/૦૫/૨૦૨૦ ની. (ક) સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક વડાળા બ્રાંચમા અરજદારના પિતાશ્રી સુરાભાઈ સાંગાભાઈના નામની રૂા. ૭,૦૦,૦૦૦/– અંકે સાત લાખ પુરાની ફીક્સ ડીપોઝીટ રસીદ નં. ૦૦૩૫૩૫૨૦ ની તા. ૨૧/૦૫/૨૦૨૦ ની. (ડ) સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક વડાળા બ્રાંચમા રહેલ લોકર નં. ૫૪ ની ચાવીનો ફોટોગ્રાફવાળી તમામ મિલકતમાં વાદીઓ (મંજુબેન અને હંસાબેન) તથા પ્રતિવાદી નં. ૧ પ્રતાપભાઈ સુરાભાઈનો સરખો હકક હિસ્સો હોવાનુ ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત શિડયુલવાળી મિલકત સંબંધે વાદી મંજુબેન અને હંસાબેન તથા પ્રતિવાદી નં.૧ પ્રતાપભાઈના નામે વારસા સર્ટીફીકેટ કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રતિવાદી નં. ૨ ની તરફેણમાં કોઈપણ હુકમ કરવામાં આવતો નથી.

(૪) પ્રતિવાદી નં. ૩ નાએ તેઓની બેંકમાં પડેલ શિડયુલવાળી મિલકતો સંબંધે વાદીઓ મંજુબેન અને હંસાબેન તથા પ્રતિવાદી નં. ૧ ની તરફેણમાં યોગ્ય કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

**(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.**

**(૬) પક્ષકારોના સંબંધને ધ્યાને લેતા ખર્ચ સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.**

**હુકમ આજરોજ તા. ૨૧ મી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

તારીખ : ૨૧/૦૪/૨૦૨૬
સ્થળઃ પોરબંદર

(ભાવેશ જેઠાભાઈ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
પોરબંદર
(જજ કોડઃ ૦૦૯૭૭)